# ૫ જુલાઇ – ૨૦૧૬ (મંગળવાર)

**(૧) કેનેડા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપ :**

– ભારતીય બેડમિન્ટન ખેલાડી બી.સાઇ.પ્રણિથે સિંગલ્સમાં કોરિયાના કેલીહ્યુમનને હરાવી ચેમ્પિયનશીપ પોતાના નામે કરી.

– જ્યારે ક્લાસમાં પણ ભારતની જોડી મનુ અત્રી અને સુમિત રેડ્ડીએ યજમાન કેનેડાની જોડીને હરાવી ટાઇટલ જીત્યું હતું.

**(૨) સાહિલ મોમીન – ક્રિકેટર :**

– મૂળ ગાંધીનગરના સાહિલ મોમીનની જર્મનીની ક્રિકેટમાં પસંદગી થઇ

– હાયર સ્ટડી કરવા જર્મની ગયો અને ત્યાં પણ ક્લબ લેવલનું ક્રિકેટ શરૂ રાખતા જર્મનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં પસંદ થયો

– તેણે ૨૦૦૪-૦૬ દરમિયાન રાજયસ્તરે અંડર-૧૫ ટીમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું

**(૩) માઇકલ ચિમિનો :**

– ‘ધ ડિયર હન્ટરના ડિરેક્ટર માઇકલ ચિમિનોનું ૨ જુલાઇના રોજ લોસ એન્જલસ ખાતે અવસાન.

– ધ ડિયર હન્ટર ફિલ્મને પાંચ ઓસ્કાર એવોર્ડ મળ્યા હતાં.

**(૪) અમિતદાસ ગુપ્તા :**

– ઓસ્ટ્રેલિયાની ખ્યાતનામ સંસ્થા ન્યુ સાઉથ વેલ્સે અમિતદાસ ગુપ્તાને તેમના ભારતના પ્રથમ ડાયરેક્ટર બનાવ્યા છે.

– તેમને ફરજ નવી દિલ્હીથી બજવવાની રહેશે.

– અમિતદાસ ગુપ્તા સિડનીના કાઉન્સિલર અને ફિલિપાઇન્સના રાજદૂત તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

**(૫) મોડલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ :**

– તાજેતરમાં જ કેન્દ્ર સરકારની યોજાયેલી કેબીનેટની બેઠકમાં મોડલ શોપ્સ એન્ડ એસ્યબ્લિશમેન્ટ એક્ટને મંજુરી અપાઇ.

– આ એક્ટ મુજબ મોલ્સ, સિનેમાહોલ્સ, બેન્ક શોપીંગ કોમ્પલેક્સ જેવા તમામ એસ્ટાબ્લિશમેન્ટસ કે વેપારી કામકાજના સ્થળને ૨૪ કલાક ચાલુ રાખી શકાશે.

– જે એકમો કંપની એક્ટ હેઠળ આવતા નથી તેઓ જ ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ખુલ્લાં રાખી શકશે.

– ૧૦ થી ઓછા કર્મચારીઓ ધરાવતાં એકમોને આ નીયમ લાગુ નહીં થાય.

– આ મોડેલ એક્ટ હોવાથી તેના માટે સંસદની મંજુરીની જરૂર નથી.

– કેન્દ્રિય કેબિનેટ દ્વારા પોતાની રીતે આવા એક્ટને મંજુરી આપી શકાય છે.

– આ કાયદો મરજીયાત છે, જેનું પાલન રાજ્ય સરકારોની મુનસફી ઉપર રહેશે.

– રાજ્ય સરકાર પોતાની રીતે તેમા જોડાઇ શકે છે અને એક્ટ લાગુ થયા બાદ તમામ સંચાલન અને મોનિટરીંગ રાજ્યોને આધિન રહેશે.

**(૬) તુલસી ગેબાર્ડ – અમેરિકી સાંસદ :**

– મૂળ ભારતીય તુલસી ગેબાર્ડ અમેરિકી સાંસદ છે.

– તેઓ સાંસદ બન્યા ત્યારે શપથવિધિમાં પણ ગીતા હાથમાં રાખી શપથ ગ્રહણ કર્યાં હતાં.

– અમેરિકી પોસ્ટલ સર્વિસ દિવાળીના તહેવારના નામે એક ટપાલ ટિકિટ જાહેર કરે તે માટે તેમણે અભિયાન શરૂ કર્યું છે.

પ્રશ્નો :

(૧) કેનેડા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપ (સીંગ્લસ) વિજેતા ?

– બી.આઇ.પણિજ (ભારતીય)

(૨) પણિથે કોને હરાવીને કેનેડા ઓપનનું ટાઇટલ જીત્યું ?

– કેલી હ્યુમન કોરિયા

(૩) કેનેડા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપ ડબલ્સ વિજેતા ?

– મનુ અત્રી અને સુમિત રેડ્ડી (ભારત)

(૪) તાજેતરમાં મૂળ ગાંધીનગરના ક્યા ક્રિકેટરને જર્મનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં સ્થાન મળ્યું ?

– સાહિલ મોમીન

(૫) હોલીવુડ ફિલ્મ ‘ધ ડિયર હન્ટર’ના ડિરેક્ટર કોણ છે ?

– માઇકલ ચિમિનો

(૬) તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની ન્યુ સાઉથી વેલ્સ યુનિ.એ. ક્યા ભારતીયને ડાયરેક્ટર બનાવ્યા છે ?

– અમિતદાસ ગુપ્તા

(૭) તાજેતરમાં 24x7 માટે મોલ્સ, સીનેમા ઘરો, રેસ્ટોરાં વગેરે ખુલ્લા રાખવા માટે કેદની કેબીનેટ મિટિંગમાં ક્યાં એક્ટને મંજુરી અપાઇ ?

– મોડલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ

(૮) કેટલા કર્મચારીઓથી ઓછા કર્મચારી ધરાવતાં એકમોને આ નિયમ (મોડલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ) લાગુ નહી થાય.

(૯) મોડલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ તમામ રાજ્યમાં ક્યારથી લાગુ થશે ?

– અમલ કરવો ફરજીયાત નથી (રાજ્ય ઇચ્છે તો કરી શકે)

(૧૦) ક્યા એક્ટ હેઠળ ન આવતા એકમોને જ મોડલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં આવરી લેવાચશે ?

– કંપની એક્ટ

(૧૧) તાજેતરમાં અમેરિકી પોસ્ટલ સર્વિસ દિવાળીના તહેવારના નામે ટપાલ ટિકિટ જાહેર કરે તે માટે કોણે અભિયાન શરૂ કર્યું છે ?

– તુલસી ગેબાર્ડે (અમેરિકી સાંસદ)